૨(બ)



## ઠરાવ

**સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા. ૧૮-૬-૨૦૦૫ના રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો.**

મ્યુ. કમિશનરશ્રીનાં તા. ૬-૫-૨૦૦૫નાં પત્ર નં. : સીપીસ/૮/૪થી વિદિત થઈ, સુરત મહાનગરપાલિકાની હદમાં મુસદ્દારૂપ નગર રચના યોજના, સુરત નં. : ૫૦ (વેડ-કતારગામ) તૈયાર કરવા અંગે ફાઈલમાં પાના નં. ૨૭ ઉપર સામેલ નકશામાં ગુલાબી રંગથી સળંગ રેખામાં દર્શાવેલ વિસ્તારમાં નગર રચના યોજના, સુરત નં. : ૫૦ (વેડ-કતારગામ) બનાવવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧(૨) મુજબ ઈરાદો જાહેર કરવાનું, ઈરાદો જાહેર કરવા અંગે ફાઈલમાં પાના નં. : ૩૫ ઉપર સામેલ અધિસૂચન મંજુર કરવાનું તેમજ સદર અધિસૂચનને બહોળો ફેલાવો ધરાવતા સ્થાનિક દૈનિકપત્રોમાં એક-એક વખત પ્રસિધ્ધ કરવાનું તેમજ ઈરાદો જાહેર કર્યા મુજબ સરકારશ્રીનાં રાજ્યપત્રમાં પ્રસિધ્ધ કરવા તેમજ મુસદ્દો તૈયાર કરી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ કાર્યવાહી કરવા મ્યુ. કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

**ઠરાવ નં. : ૨૭/૨૦૦૫ સર્વાનુમતે મંજુર.**

---

**મોજે : ભેસ્તાન વિસ્તારની નગર રચના યોજના સુરત નં. ૫૫ (ભેસ્તાન) તૈયાર કરવા બાબત.**

## અધિસૂચન

નં. ટીપીડી/૧૫૬૭/૦૫.-ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૨૨ની પેટા કલમ (૧) અન્વયે રચાયેલ સુરત શહેરી વિકાસ સત્તામંડળે તેના તા. ૨૭-૧-૮૪નાં ઠરાવ નં. ૬૨૬(૧૦)થી સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં નગર રચના યોજનાઓ બનાવવા માટે એપ્રોપ્રીએટ ઓથોરીટીએ કરવી રહેતી કાર્યવાહી માટે સુરત મહાનગરપાલિકાને સત્તા આપેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ (પ્રેસીડન્ટ એકટ નં. ૨૭)ની કલમ-૪૧ની જોગવાઈઓ મુજબ સુરત મહાનગરપાલિકાનાં નગર નિયોજન સમિતિનાં ઠરાવ નં. ૨૫/૨૦૦૫, તા. ૧૮-૬-૨૦૦૫ થી ઠરાવ્યા મુજબ નકશા નં. ટીપીએસ/૫૫માં ગુલાબી ઘેરા રંગની સળંગ રેખાથી બતાવેલ ભેસ્તાન વિસ્તાર માટે નગર રચના યોજના સુરત નં. ૫૫ (ભેસ્તાંન) તૈયાર કરવાનો ઈરાદો જાહેર કર્યો છે. આ નકશાની એક નકલ જાહેર જનતાને જોવા માટે સુરત મહાનગરપાલિકામાં ટાઉન પ્લાનરશ્રીની કચેરી, ટાઉન પ્લાનીંગ વિભાગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતમાં રજાના દિવસો સિવાયનાં દિવસે ઓફિસ સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.

સુરત, ૨૩ માહે જૂન સને ૨૦૦૫.

પંકજ જોષી,
કમિશનર,
સુરત મહાનગરપાલિકા,

## ઠરાવ

**સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા. ૧૮-૬-૨૦૦૫ના રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો.**

મ્યુ. કમિશનરશ્રીનાં તા. ૯-૫-૨૦૦૫નાં પત્ર નં. : સીપીસ/૮/૬થી વિદિત થઈ, સુરત મહાનગરપાલિકાની હદમાં મુસદ્દારૂપ નગર રચના યોજના, સુરત નં. : ૫૫ (ભેસ્તાન) તૈયાર કરવા અંગે ફાઈલમાં પાના નં. ૬૫ ઉપર સામેલ નકશામાં ગુલાબી રંગથી સળંગ રેખામાં દર્શાવેલ વિસ્તારમાં નગર રચના યોજના, સુરત નં. : ૫૫ (ભેસ્તાન) બનાવવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ